# અમદાવાદ જિલ્લાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી**

તેમનો મત વિસ્તારઃ– **(ધોળકા)**

## અગ્રતા ક્રમ – ૨

**પ્રશ્નઃ–૧** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી, તે પૈકી કેટલી મંજૂર કરી અને તાલુકાવાર કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી ?

**પ્રશ્નઃ–૨** ધો. ૧ થી ૮ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો મુખ્ય હેતુ શુ છે, તથા કયા દરે શિષ્યવૃત્તિની સહાય ચુકવવામાં આવે છે ?

**પ્રશ્નઃ–૩** પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ હાલમાં ક્યાં ક્યાં પાત્રતાના માપદંડો ધ્યાને લેવામાં આવે છે ?

**પ્રશ્નઃ–૪** પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ અરજી કરવામા વિદ્યાર્થીઓને સરળતા માટે સરકાર શા પગલા લીધેલ છે

**પ્રશ્નઃ–૫** હાલમાં શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવે છે ? છેલ્લે ક્યારે આ સહાયમાં વધારો કરવામા આવ્યો ?

**પૂરક પ્રશ્ન – (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી, તે પૈકી કેટલી મંજૂર કરી અને તાલુકાવાર કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી ?**

**જવાબ: –**

માન. અધ્યક્ષશ્રી,

- તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત અમદાવાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની તાલુકાવાર મળેલ અરજીઓ, મંજૂર અરજીઓ, ચૂકવાયેલ શિષ્યવૃત્તિની વિગત.

| તાલુકો | મળેલ અરજીઓ | મંજૂર કરેલ તથા ચુકવાયેલ અરજીઓ | ચુકવેલ શિષ્યવૃત્તિની રકમ રૂપિયા (લાખમાં) |
|---|---|---|---|
| બાવળા | ૧૦૪૦૨ | ૧૦૪૦૨ | ૮૩.૨૫ |
| દસ્ક્રોઇ | ૨૭૧૯૪ | ૨૭૧૯૪ | ૨૧૧.૦૦ |
| દેત્રોજ | ૫૫૭૧ | ૫૫૭૧ | ૪૪.૯૫ |
| ધંધુકા | ૫૬૭૮ | ૫૬૭૮ | ૪૫.૨૮ |
| ધોળકા | ૧૨૪૦૧ | ૧૨૪૦૧ | ૯૯.૯૧ |
| માંડલ | ૪૮૧૬ | ૪૮૧૬ | ૩૮.૮૮ |
| સાણંદ | ૧૨૬૩૭ | ૧૨૬૩૭ | ૧૦૩.૯૦ |
| વિરમગામ | ૭૯૪૬ | ૭૯૪૬ | ૬૩.૮૦ |

| | | | |
|---|---|---|---|
| ધોલેરા | ૪૨૬૧ | ૪૨૬૧ | ૩૪.૦૮ |
| અસારવા | ૨૨૪૯૧ | ૨૨૪૯૧ | ૧૯૦.૬૭ |
| ઘાટલોડિયા | ૨૧૬૦૬ | ૨૧૬૦૬ | ૧૭૬.૪૫ |
| મણિનગર | ૨૩૩૩૫ | ૨૩૩૩૫ | ૧૯૭.૫૭ |
| સાબરમતી | ૧૬૪૯૯ | ૧૬૪૯૯ | ૧૩૭.૧૨ |
| વટવા | ૧૭૫૪૯ | ૧૭૫૪૯ | ૧૪૮.૭૫ |
| વેજલપુર | ૧૯૬૪૧ | ૧૯૬૪૧ | ૧૬૬.૦૬ |
| **કુલ** | **૨૧૨૦૨૭** | **૨૧૨૦૨૭** | **૧૭૫૧.૬૭** |
| | **બે લાખ બાર હજાર સત્યાવીસ વિદ્યાર્થીઓ** | **બે લાખ બાર હજાર સત્યાવીસ વિદ્યાર્થીઓ** | **રૂપિયા સત્તર કરોડ એકાવન લાખ સડસઠ હજાર** |

**મુખ્ય પેજ પર જવા માટે**

**પૂરક પ્રશ્ન – (૨)** **ધો. ૧ થી ૮ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો મુખ્ય હેતુ શુ છે, તથા કયા દરે શિષ્યવૃત્તિની સહાય ચુકવવામાં આવે છે ?**

**જવાબ: –**

માન. અધ્યક્ષશ્રી,

➢ **હેતુઓ:–**

- વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે,
- વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશીયો નાબુદ થાય

**જાતિઓ:–**

- વિકસતી જાતિ કલ્યાણ દ્વારા રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી જાતિ, વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામા આવે છે.

**શિષ્યવૃત્તિનો દર:–**

- પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અતંર્ગત ધોરણ–૧ થી ૮માં કુમારને વાર્ષિક રૂ.૭૫૦/– શિષ્યવૃત્તિ આપવામા આવે છે.
  જયારે ધોરણ–૧ થી ૫ ની કન્યાઓને વાર્ષિક રૂ.૭૫૦/– અને ધો. ૬ થી ૮ ની કન્યાઓને વાર્ષિક રૂ.૧૦૦૦/– શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પૂરક પ્રશ્ન – (૩) પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ હાલમાં ક્યાં ક્યાં પાત્રતાના માપદંડો ધ્યાને લેવામાં આવે છે ?**

**જવાબ: –**

માન. અધ્યક્ષશ્રી,

પાત્રતાના માપદંડો :–

- વિદ્યાર્થીઓ વિકસતી જાતિના એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી અને વિમુકત જાતિના હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ ધોરણ–૧ થી ૮ માં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
- વાર્ષિક આવક મર્યાદા નથી.
- સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ હોવા જોઇએ.

મુખ્ય પેજ પર જવા માટે

**પૂરક પ્રશ્ન – (૪) પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ અરજી કરવામા વિદ્યાર્થીઓને સરળતા માટે સરકાર શા પગલા લીધેલ છે ?**

**જવાબ :–**

માન. અધ્યક્ષશ્રી,

- પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ વિદ્યાર્થીઓની અરજી કરવાની રહેતી નથી. રાજય સરકારશ્રીના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શાળાના આચાર્ય દ્વારા ઓનલાઇન દરખાસ્ત કરવામા આવે છે.
- જે વિદ્યાર્થીઓની આચાર્યશ્રીઓએ ઓનલાઇન એન્ટ્રી કરી હોય તે વિદ્યાર્થીઓ જે તે જાતિના હોય અને જે યોજના લાગુ પડતી હોય તે યોજનામાં આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.
- જિલ્લા કક્ષાએ ઓનલાઇન દરખાસ્તોની ચકાસણી કરી તેને મંજૂર કરવી, તેના ઓનલાઇન બિલો બનાવવા અને જિલ્લા તિજોરીમાં ઓનલાઇન બિલો મોકલી મંજૂર કરેલા વિદ્યાર્થીઓની શિષ્યવૃતી સહાયની રકમ વિદ્યાર્થી/વાલીના વેરીફાઇ થયેલા બેન્ક એકાઉન્ટમાં સીધી જ શિષ્યવૃતી સહાયની રકમ તેના બેન્ક ખાતામાં ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) હેઠળ ઇ–પેમેન્ટથી જમા કરાવવાની કામગીરી કરવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પૂરક પ્રશ્ન – (૫) હાલમાં શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવે છે ? છેલ્લે ક્યારે આ સહાયમાં વધારો કરવામા આવ્યો ?**

**જવાબ: –**

માન. અધ્યક્ષશ્રી,

- સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના ધોરણ–૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી ૮ માં કુમારને રૂા.૭૫૦/– જયારે કન્યાને ધોરણ ૧ થી ૫ માં વાર્ષિક રૂા.૭૫૦/– અને ધોરણ ૬ થી ૮માં રૂા.૧૦૦૦/– શિષ્યવૃત્તિ આપવાનુ ઠરાવવામા આવેલ છે.

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૪/૨૦૨૨ના ઠરાવથી વિકસતી જાતિના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય કુમારને વાર્ષિક રૂા.૫૦૦/– માથી રૂા.૭૫૦/– જયારે કન્યાને ધોરણ ૧ થી ૫ માં વાર્ષિક રૂા.૫૦૦/– માથી રૂા.૭૫૦/– અને ધોરણ ૬ થી ૮માં વાર્ષિક રૂા.૭૫૦/– માથી રૂા.૧૦૦૦/– શિષ્યવૃત્તિ આપવાનુ ઠરાવવામા આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

## **પૂરક માહિતી**

**અગ્રતા ક્રમનં–** **માન. ધારાસભ્યશ્રી**, કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા)

તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૪૮૫

**વિષય– અમદાવાદ જિલ્લાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

- **યોજનાની શરૂઆત કયારે કરવામાં આવી?** ૧૯૭૮–૭૯ થી
- **હેતુઓ**

- વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે,
- વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશીયો નાબુદ થાય

- **પાત્રતાના માપદંડો**

- વિદ્યાર્થીઓ વિકસતી જાતિના એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમૂક્ત જાતિ, લઘુમતી જાતીનો હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ ધોરણ–૧ થી ૮ માં અભ્યાસ કરતાં હોવા જોઈએ.
- સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ હોવા જોઇએ.

# પૂરક માહિતી

## કાર્ય પદ્ધતિ

- વર્ષ ૨૦૧૬–૧૭ સુધી પ્રાથમિક શાાળાઓના આચાર્યો મારફતે શિષ્યવૃતી યોજનાની દરખાસ્તો મંગાવી જિલ્લા કચેરીએથી મંજૂર કરી તે મુજબ આચાર્યો મારફતે વિદ્યાર્થીઓને શિષ્યવૃતી સહાય રકમ આપવામાં આવતી હતી.
- વર્ષ ૨૦૧૭–૧૮થી શિષ્યવૃતી સહાયની યોજનાનો અમલ ગુજરાત સરકારના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કામગીરી કરવામાં આવે છે.
- પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ પાસેથી જે તે સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા) ના વિદ્યાર્થીઓની ડિઝિટલ ગુજરાત પોર્ટલ ઉપર બેન્ક એકાઉન્ટ સાથેની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.
- જે વિદ્યાર્થીઓની આચાર્યશ્રીઓએ ઓનલાઇન એન્ટ્રી કરી હોય તે વિદ્યાર્થીઓ જે તે જાતિના હોય અને જે યોજના લાગુ પડતી હોય તે યોજનામાં આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.
- જિલ્લા કક્ષાએ ઓનલાઇન દરખાસ્તોની ચકાસણી કરી તેને મંજૂર કરવી, તેના ઓનલાઇન બિલો બનાવવા અને જિલ્લા તિજોરીમાં ઓનલાઇન બિલો મોકલી મંજૂર કરેલા વિદ્યાર્થીઓની શિષ્યવૃતી સહાયની રકમ વિદ્યાર્થી/વાલીના વેરીફાઇ થયેલા બેન્ક એકાઉન્ટમાં સીધી જ શિષ્યવૃતી સહાયની રકમ તેના બેન્ક ખાતામાં ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) હેઠળ ઇ–પેમેન્ટથી જમા કરાવવાની કામગીરી કરવામાં આવે છે.

## પૂરક માહિતી

### ➢ પ્રિ–મેટ્રીક શિષ્યવૃતીના દરો

રાજય સરકાર દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી વિમુકત જાતિના શૈક્ષણિક વિકાસ માટે પ્રાથમિક, માધ્યમિક કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ જુદા જુદા દરે શિષ્યવૃત્તિ આપવાની યોજનાઓ અમલમાં છે.

- **રાજય સરકારની યોજનાઃ–**

(૧) **પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઃ– (સા.શૈ.પ.વર્ગ, આ.પ.વ., લઘુમતી, વિચરતી–વિમુક્ત જાતિ)**

ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય કુમારને વાર્ષિક રૂા.૭૫૦/– અને કન્યાને ધોરણ ૧ થી ૫ માં વાર્ષિક રૂા.૭૫૦/– અને ધોરણ ૬ થી ૮માં વાર્ષિક રૂા.૧૦૦૦/– શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

**નોંધ : સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૪/૨૦૨૨ના ઠરાવથી વિકસતી જાતિના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય કુમારને વાર્ષિક રૂા.૫૦૦/– માથી રૂા.૭૫૦/– જયારે કન્યાને ધોરણ ૧ થી ૫ માં વાર્ષિક રૂા.૫૦૦/– માથી રૂા.૭૫૦/– અને ધોરણ ૬ થી ૮માં વાર્ષિક રૂા.૭૫૦/– માથી રૂા.૧૦૦૦/– શિષ્યવૃત્તિ આપવાનુ ઠરાવવામા આવેલ છે.**

## પુરક માહિતિ

➢ પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીને મહત્તમ લાભ મળી શકે તે માટે રાજય સરકાર દ્વારા આ યોજનાની પાત્રતા માટેની આવકમર્યાદામાં છેલ્લા ૧૦ વર્ષમાં કરેલ સુધારાઓ

- યોજનાની શરૂઆત ૧૯૭૮–૭૯ થી કરવામાં આવી છે.
- યોજનાની પાત્રતા માટેની આવકમર્યાદામાં છેલ્લા ૧૦ વર્ષમાં નીચે મુજબના સુધારા કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૧માં પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ.૨૫,૦૦૦/– આવક મર્યાદા નક્કી થયેલ હતી.
- વર્ષ ૨૦૧૨માં પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/– કરવામાં આવેલ હતી.
- વર્ષ ૨૦૧૪માં પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/– કરવામાં આવેલ હતી.
- વર્ષ ૨૦૧૫માં તા.૧૩/૧૦/૨૦૧૫થી ધો. ૧ થી ૮ પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આવક મર્યાદા નાબુદ કરવામા આવેલ છે.

## પૂરક માહિતી

- **અમદાવાદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચુકવેલ પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિની માહિતી**

| વર્ષ | શિષ્યવૃત્તિ ચૂકવાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | શિષ્યવૃત્તિની રકમ રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨,૪૬,૫૯૧ | ૧૫૪૧.૦૬ |
| ૨૦૧૯–૨૦ | ૨,૫૭,૪૪૧ | ૧૫૧૮.૬૫ |
| ૨૦૨૦–૨૧ | ૨,૫૨,૮૯૪ | ૧૪૮૮.૮૭ |
| ૨૦૨૧–૨૨ | ૨,૮૬,૭૯૪ | ૧૫૭૮.૭૨ |
| ૨૦૨૨–૨૩ | ૨,૭૮,૫૬૬ | ૨૨૯૯.૮૧ |
| **કુલ** | **૧૩,૨૨,૨૮૬** | **૮૪૨૭.૧૧** |
| | **તેર લાખ બાવીસ હજાર બસો છ્યાસી વિદ્યાર્થીઓ** | **રૂપિયા ચોર્યાસી કરોડ સત્યાવીસ લાખ અગિયાર હજાર** |

- **રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષમાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચુકવેલ પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિની માહિતી**

| વર્ષ | શિષ્યવૃત્તિ ચૂકવાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | શિષ્યવૃત્તિની રકમ રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૩,૨૫,૬૦૮ | ૧૮૫૪૪.૬૩ |
| ૨૦૧૯–૨૦ | ૩૨,૫૦,૨૮૬ | ૧૭૯૮૩.૮૧ |
| ૨૦૨૦–૨૧ | ૩૩,૬૮,૪૭૯ | ૧૮૩૮૩.૯૧ |
| ૨૦૨૧–૨૨ | ૩૫,૮૮,૬૪૪ | ૧૯૫૮૧.૨૩ |
| ૨૦૨૨–૨૩ | ૩૫,૯૦,૦૨૧ | ૨૯૩૫૩.૭૦ |
| **કુલ** | **૧,૭૧,૨૩,૦૩૮** | **૧૦૩૮૪૭.૨૮** |
| | **એક કરોડ અગણોસિત્તેર લાખ છ હજાર નવસો સત્તાવીસ વિદ્યાર્થીઓ** | **રૂપિયા એક હજાર આડત્રીસ કરોડ સુડતાલીસ લાખ અઠયાવીસ હજાર** |

# પૂરક માહિતી

## વિકસતી જાતિના ધોરણ–૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજનામાં આવક મર્યાદા તથા જે તે વખતે દરમાં થયેલ સુધારા અંગેનું પત્રક.

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | જાતિ | વાર્ષિક આવક મર્યાદા | | શિષ્યવૃત્તિ અંગેનો માપદંડ | ઠરાવ અન્વયેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૯૭૮ | તા.૧૫/૬/૭૮ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ. | ૪,૮૦૦/– | | આગળના વર્ષમાં ૫૦% મેળવેલા હોવા જોઇએ, આવક મર્યાદા | ધો.૫ થી ૧૧ માં રૂ.૩૦ થી રૂ.૭૫ સુધીની શિષ્યવૃત્તિ |
| ૨ | ૧૯૮૩ | તા.૧૫/૧૦/૮૩ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ. | ૪,૮૦૦/– | | આગળના વર્ષમાં ધોરણ–૫ થી૭ માં ૪૦% મેળવેલા હોવા જોઇએ, આવક મર્યાદા | ધોરણ–૫ થી૭ માં રૂ. ૩૦ શિષ્યવૃત્તિમાં રૂ.૧૦નો વધારો કરી રૂ.૪૦. |
| ૩ | ૧૯૮૬ | તા.૦૫/૦૫/૮૬ | સા.શૈ.પ.વ. | ૧૦,૦૦૦/– | | આવક મર્યાદા | ૬૦%થી ઓછા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ને રૂ. ૪૦ થી રૂ.૯૦ અને ૬૦%થી વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ને રૂ. ૫૫ થી રૂ.૧૨૦ |
| ૪ | ૧૯૯૨ | તા.૨/૧૨/૯૨<br>તા.૧/૨/૯૩<br>તા.૧/૨/૯૪<br>તા.૧૩/૧૧/૯૫ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત જાતિ | ૧૫,૦૦૦/– | | માર્કર્સની ટકાવારીનું ધોરણ નાબુદ | ધોરણ ૫ થી૭ની સરકારી શાળામાં રૂ.૭૫ થી રૂ.૧૨૫ અને ધોરણ ૫ થી૭ની ખાનગી શાળામાં રૂ.૧૭૫ |
| ૫ | ૨૦૦૦ | તા.૧૩/૦૭/૨૦૦૦ | સા.શૈ.પ.વ. | ૧૫,૦૦૦/– | | ઓછામાં ઓછી ૭૦% | ધો.૧ થીજમાં કુમારને |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | હાજરી હોવી જોઇએ. | વાર્ષિક રૂ.૭૫ અને કન્યાને રૂ.૧૦૦ |
| ૬ | ૨૦૦૨ | તા.૨૦/૮/૨૦૦૨ | વિચરતી–વિમુકત જાતિ<br>અતિ પછાત જાતિ | ૧૫,૦૦૦/– | | આવક મર્યાદા | ધો.૧ થી૭ના કુમાર ને રૂ.૪૫૦/– અને કન્યાને રૂ.૬૦૦/– |
| ૭ | ૨૦૧૧ | તા.૨૦/૪/૨૦૧૧ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત જાતિ | ૨૦,૦૦૦/– | ૨૫,૦૦૦/– | આવક મર્યાદા | ધો.૧ થી ૭માં રૂ. ૧૫૦/– અને ધો.૮ થી ૧૦માં રૂ. ૩૦૦/– |
| ૧૧ | ૨૦૧૨ | તા.૧૦/૦૪/૨૦૧૨ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત જાતિ | ૨૭,૦૦૦/– | ૩૬,૦૦૦/– | આવક મર્યાદા | ધો.૫ થી૮માં રૂ.૨૫૦/– અને ૯ થી૧૦માં રૂ.૪૦૦/– |
| ૧૨ | ૨૦૧૪ | તા.૧/૦૮/૨૦૧૪ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત જાતિ | ૪૭,૦૦૦/– | ૬૮,૦૦૦/– | આવક મર્યાદા | ધો. ૬ થી ૧૦ કન્યાને રૂ.૭૫૦/– અને કુમાર |
| ૧૩ | ૨૦૧૪ | તા.૦૬/૦૮/૨૦૧૪ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત જાતિ | ૪૭,૦૦૦/– | ૬૮,૦૦૦/– | આવક મર્યાદા | ધો.૧ થી ૪માં રૂ. ૨૫૦/– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૨૦૧૫ | તા.૧૬/૦૪/૨૦૧૫ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત<br>જાતિ | ૪૭,૦૦૦/– | ૬૮,૦૦૦/– | આવક મર્યાદા | ધો.૧ થી પમાં કુમાર અને કન્યા અને ૬ થી ૮ કુમારને રૂ.૫૦૦/–, ધો. ૯ અને ૧૦ કુમાર અને ધો.૬ થી૧૦ કન્યાને રૂ.૭૫૦/– |
| ૧૫ | ૨૦૧૫ | તા.૧૩/૧૦/૨૦૧૫ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત<br>જાતિ | આવક મર્યાદા નાબુદ | | | ધો.૧ થી૮માં આવક મર્યાદા નાબુદ |
| ૧૩ | ૨૦૧૭ | તા.૨૪/૧૦/૨૦૧૭ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત<br>જાતિ | ૧,૨૦,૦૦૦/– | ૧,૫૦,૦૦૦/– | આવક મર્યાદા | ધો.૯ અને૧૦માં આવક મર્યાદાનું ધોરણ લાગુ |
| ૧૪ | ૨૦૨૨ | તા.૦૬/૦૪/૨૦૨૨ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત<br>જાતિ | ૧,૨૦,૦૦૦/– | ૧,૫૦,૦૦૦/– | આવક મર્યાદા | ધો.૧ થી પમાં કુમાર અને કન્યા અને ૬ થી ૮ કુમારને રૂ.૭૫૦/–, ધો. ૯ અને ૧૦ કુમાર અને ધો.૬ થી૧૦ કન્યાને રૂ.૧૦૦૦/– |
| ૧૫ | ૨૦૨૨ | તા.૦૨/૧૧/૨૦૨૨ | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતિ<br>વિચરતી–વિમુકત<br>જાતિ | ૬,૦૦,૦૦૦/– | | આવક મર્યાદા | ધો.૯ અને૧૦માં આવક મર્યાદાનું ધોરણ લાગુ |